# ૧૨.૫૨ થી ૧૨.૫૭ની વચ્ચે જિલ્લાના સભ્યોએ શપથ લીધા

## બે સભ્યો અધ્યક્ષમાંથી મંત્રી બન્યા છે તો બે સભ્યો મંત્રીમાંથી અધ્યક્ષ...

ગાંધીનગર, તા. ૨૨

૧૩મી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રનો આજથી વિધિવત્ આરંભ અધ્યક્ષની ચૂંટણીથી થશે. વિધાનસભાના અધ્યક્ષ તરીકે પૂર્વ નાણામંત્રી શ્રી વાળાની સર્વાનુમતે પસંદગી કરી વર્ષો પુરાણી પરંપરા આગળ ધપશે.

વિધાનસભાના અધ્યક્ષપદેથી રાજ્ય મંત્રીમંડળમાં જવાની અને મંત્રીમંડળમાંથી અધ્યક્ષપદે આવવાની બે-બે ઘટનાઓ વિધાનસભાની તવારીખીમાં આજે નોંધાશે.

અગાઉ વિધાનસભાના અધ્યક્ષ સ્વ. શશીકાન્ત લાખાણી જનતાદળના શાસન વખતે અધ્યક્ષપદ છોડી મંત્રીમંડળમાં જોડાયા હતા. તો ૧૨મી વિધાનસભાના અધ્યક્ષ શ્રી ગણપતભાઈ વસાવા ૧૩મી વિધાનસભામાં રાજ્યમંત્રી મંડળમાં જોડાયા છે.

જ્યારે ભાજપના મંત્રીમંડળમાં વર્ષો સુધી મંત્રી તરીકે સેવા આપનાર સ્વ. અશોક ભટ્ટ મંત્રીમાંથી અધ્યક્ષપદે ૧૨મી વિધાનસભામાં વરાયા હતા. ૧૩મી વિધાનસભામાં પહેલા કાર્યકારી અધ્યક્ષ તરીકે રહેલા અને

### વિધાનસભાના દ્વારેથી



-પ્રકાશ જહા

અગાઉ રાજ્યમંત્રીમંડળમાં વર્ષો સુધી સેવા આપનાર વજુભાઈ વાળા વિધાનસભાનું અધ્યક્ષપદ સંભાળશે.

**● જિલ્લાના પાંચ ધારાસભ્યોએ આજે શપથ લીધા**

ગાંધીનગર જિલ્લાની વિધાનસભાની પાંચ બેઠકો પર ચૂંટાઈ આવેલા પાંચેય સભ્યોએ આજે વિધાનસભામાં ધારાસભ્ય તરીકે શપથ લીધા હતા.

જિલ્લાના પાંચ ધારાસભ્યો પૈકી દહેગામના શ્રીમતિ કામીનીબેન રાઠોડે મહિલા સભ્ય તરીકે સૌ પ્રથમ સપથ લીધા હતા. આ પછી ક્રમાનુસાર બેઠક પરના ચૂંટાયેલા સભ્યોએ શપથ લીધા હતા.

ભાજપના શ્રી અશોક પટેલ પેન્ટ-શર્ટ અને કોટ પહેરીને આવ્યા હતા. તો શંભુજી ઠાકોર તથા અમીત ચૌધરી ઝભ્ભો લેંગો અને બંડી પહેરીને આવ્યા હતા. જ્યારે શ્રી બળદેવજી ઠાકોર પેન્ટ શર્ટ પહેરીને આવ્યા હતા. ૧૨.૫૨ થી ૧૨.૫૭ની વચ્ચે આ ચારેય સભ્યોએ તેમના શપથ લીધા હતા. આ સભ્યોએ જ્યારે શપથ લીધા ત્યારે શહેર ભાજપના અગ્રણીઓ વિધાનસભામાં હાજર રહ્યા હતા.

**● પુત્રોએ પ્રથમ શપથ લીધા બાદમાં પિતાએ શપથ લીધા**

વિધાનસભામાં આજે ધારાસભ્યોની શપથ વિધિ દરમ્યાન બે પિતા-પુત્રોની જોડીએ કરેલા પ્રવેશ પછી ધારાસભ્ય તરીકે બે પુત્રોએ તેમના પિતા પહેલાં શપથ લીધા હતા.

સાબરકાંઠા જિલ્લાની બાયડ બેઠક પરથી ચૂંટાયેલા શ્રી મહેન્દ્રસિંહ વાઘેલાએ પ્રથમ સપથ લીધા હતા. આ પછી શંકરસિંહ વાઘેલાએ શપથ લીધા હતા.

● અનુસંધાન પાન-૭ પર



વિધાનસભા કોંગ્રેસ પક્ષની મહત્વની બેઠક દિલ્હીના મુખ્યમંત્રી શીલા દિક્ષીતની ઉપસ્થિતિમાં વિધાનસભા ખાતે યોજાઈ હતી. જેમાં સર્વાનુમતે વિધાનસભા વિરોધ પક્ષના નેતાનું નામ પસંદ કરવાની સત્તા રાષ્ટ્રીય અધ્યક્ષ સોનીયા ગાંધીને આપતો ઠરાવ પસાર કરાયો હતો. એકાદ બે દિવસમાં દિલ્હીથી સત્તાવાર જાહેરાત કરાશે. (તસવીર : દિપક જાની)

# ગાંધીનગરના વિકાસ માટે આગામી બજેટમાં અગ્રતા રહેશે

## મહાત્મા મંદિર, સ્વર્ણિમ પાર્ક સહિતની વિવિધ યોજનાઓ માટે ગત બજેટમાં ૪૦૦ કરોડ ફળવાયા હતા, રહી ગયેલા કામોનો સમાવેશ કરાશે

ગાંધીનગર, તા.૨૨

શહેરમાં બ્યુટીફીકેશન તેમજ વિકાસના નવા પ્રોજેક્ટના કામોને અનુલક્ષી આગામી બજેટમાં જંગી રકમની ફાળવણી કરવામાં આવે તેવી સંભાવના છે. ગત બજેટમાં પણ સ્વર્ણિમ પાર્ક સહિતની યોજનાઓને ધ્યાને લઈ ૪૦૦ કરોડથી વધુ રકમની ફાળવણી કરવામાં આવી હતી.

આગામી મહિનામાં બજેટને અનુલક્ષી પાટનગર યોજના વિભાગ દ્વારા અનેકવિધ નવા પ્રોજેક્ટની દરખાસ્તો તૈયાર કરવાની ગતિવિધિઓ હાથ ધરી દેવાઈ છે. જ્યારે અગાઉના બજેટમાં રહી ગયેલા કામોનો પણ આગામી બજેટમાં સમાવેશ થાય તે મુજબ આયોજન કરવામાં આવી રહ્યું છે. આગામી બજેટમાં શહેરના વિકાસ પ્રોજેક્ટને અનુલક્ષી કરોડો રૂપિયા ફાળવવામાં આવે તેવી સંભાવના છે. ગત વર્ષ દરમિયાન મહાત્મા મંદિર તેમજ સ્વર્ણિમ પાર્કની યોજના સહિતના વિકાસ કામોને વેગ આપવા રૂ. ૪૦૦ કરોડથી વધુ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા.

શહેરના કામોને અનુલક્ષી વર્ષ ૨૦૧૦માં બજેટમાં રૂ. ૧૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. જ્યારે વર્ષ ૨૦૧૧માં પણ રૂ. ૧૦૦ કરોડની ફાળવણી થઈ હતી. પાટનગર યોજના વિભાગના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ય થતી માહિતી અનુસાર શહેરમાં બ્યુટીફીકેશનના નવા પ્રોજેક્ટ પણ હાથ ધરવામાં આવનાર છે. જેમાં માર્ગ નવીનીકરણ, બાલોદ્યાન, પાણીનો પ્રોજેક્ટ, સ્વર્ણિમ પાર્ક, સંત સરોવર સે-૧ તળાવ તેમજ સચિવાલય સંકુલના પણ નવા કામો હાથ ધરવામાં આવનાર છે. પાટનગરમાં વિવિધ વિકાસ યોજનાને વેગ આપવા દર વર્ષે બજેટની રકમમાં વધારો કરવામાં આવે છે. જયારે આગામી વર્ષના બજેટમાં કાર્યરત વિવિધ પ્રોજેક્ટ ઉપરાંત નવી યોજનાલક્ષી કામગીરીઓનો પણ સમાવેશ કરવામાં આવે તેવી શકયતા છે. શહેરમાં તેજ ગતિએ વિકાસ કામો હાથ ધરાયા છે જયારે ન્યૂ ગાંધીનગરમાં પણ વિકાસલક્ષી પ્રોજેક્ટ હાથ ધરી ડેવલપમેન્ટનો ન્યૂ કન્સેપ્ટ અમલી બનાવાયો છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ ઔદ્યોગિક એકમોએ કરોડોના પ્રોજેકટસ સંદર્ભે સમજૂતી કરારો કર્યા છે ત્યારે નવા કામોનો સમાવેશ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. આગામી બજેટમાં નાણાંની જંગી ફાળવણી કરવામાં આવે તેવી શકયતા છે.

# શહેરના ગ અને ખ માર્ગને સીક્સલેન બનાવવા દરખાસ્ત

## ઘ-૫ થી ક-૫ સુધીના માર્ગનું પણ વાઈડનીંગ કરાશે : કરોડોનો ખર્ચ થવાનો અંદાજ

ગાંધીનગર, તા. ૨૨

શહેરના ગ અને ખ માર્ગને સીક્સલેન બનાવવા તંત્રકક્ષાએથી દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. ટ્રાફિકની સમસ્યા નિવારવા શહેરનું રોડનેટવર્ક વિધાનસભાની આ યોજના અન્વયે કરોડોનો ખર્ચ થાય તેમ છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા બજેટલક્ષી દરખાસ્ત તૈયાર કરી દેવાઈ છે.

શહેરમાં મુખ્ય માર્ગોનું નવીનીકરણ કરાયા બાદ સેક્ટરોના આંતરિક માર્ગોની સુધારણાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. નિયત સમયના અંતે માર્ગો ઉબડખાબડ બનતા શહેરનું રોડ નેટવર્ક ટનાટન બનાવવા અત્યાર સુધી કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. અન્ય ઘ અને ચ માર્ગને ચકાચક બનાવવા પણ તોતિંગ ખર્ચ કરાયો છે. જ્યારે સેક્ટરોના આંતરિક રસ્તાઓ પણ છેલ્લા બે વર્ષથી કામળાની પીઠ સમાન બનતા સે. ૧ થી ૧૯માં આંતરિક માર્ગોનું પણ નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે. થોડા દિવસો પૂર્વે જ વાઈબ્રન્ટ સમિટને લઈ શહેરના માર્ગોને ફોરમેટીક ટ્રીટમેન્ટ પણ આપવામાં આવી હતી. શહેરનું રોડનેટવર્ક ચકાચક બનાવવા તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યું છે. જ્યારે શહેરના ગ અને ખ માર્ગ ઉપર ટ્રાફિકનો ધમધમાટ વધતા આ માર્ગોને સીક્સલેન બનાવવા ગતિવિધિઓ શરૂ કરી દેવાઈ છે. નવવિકસિત વિસ્તારમાં હાથ ધરાયેલા અનેકવિધ વિકાસ કામોને લઈ ગ અને ખ માર્ગ પણ લાઈમલાઈટમાં આવ્યા છે. જ્યારે મહાત્મા મંદિરના નિર્માણ બાદ આ માર્ગ ઉપર ટ્રાફિકનો ધમધમાટ પણ વધ્યો છે. આવા સંજોગોમાં માર્ગોના વાઈડીંગ માટે આયોજન કરવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

# લગ્નપ્રસંગમાં ઘૂસેલા શકમંદ ગઠીયો કેમેરામાં કેદ થયો !!

## સે. ૭ પોલીસે ટાબરીયા ગેંગને ડામવા તસવીરના આધારે તપાસ હાથ ધરી

ગાંધીનગર, તા. ૨૨

શહેરના લગ્નપ્રસંગોમાં નજર ચુકવીને કીંમતી દાગીના તેમજ રોકડ રકમ ભરેલ બેક સેરવી લેતા ટાબરીયા ગેંગના ગઠીયાઓને ઝડપી લેવા પોલીસે સઘન તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. શહેરની હોટલ ફોર્ચ્યુનમાં રૂ. ૧.૩૫ લાખના દાગીના ભરેલી બેગની ઉઠાંતરી કરવાના કિસ્સામાં ખાનગી ફોટોગ્રાફરના કેમેરામાં કેદ થયેલી અજાણ્યા ટાબરીયાની તસવીરના આધારે સે. ૭ પોલીસે તપાસ હાથ ધરી છે.

શિયાળાની કાતિલ ઠંડીમાં શહેરમાં લગ્નની મૌસમ જામી છે ત્યારે ફાર્મહાઉસ, હોટલો અને લગ્નવાડીઓમાં લગ્નપ્રસંગોની જાકમઝોળ સૌને ધ્યાન કેન્દ્રીત કરી રહી છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી શહેરમાં લગ્નપ્રસંગોમાં ઘુસી જતા ટાબરીયાઓ કીંમતી દાગીના તેમજ રોકડની ઉઠાંતરી કરતા નગરજનોમાં ચિંતાની લાગણી પ્રવર્તી છે. જો કે પોલીસે હવે ટાબરીયા ગેંગને સંકંજામાં લેવા વગર આમંત્રણે ખાનગી ડ્રેસમાં લગ્નપ્રસંગમાં વોચ ગોઠવવાનું નક્કી કર્યું છે. ગત સપ્તાહ દરમિયાન જ શહેરમાં વિવિધ ત્રણ ઠેકાણે ટાબરીયા ગેંગે હાથ અજમાવી તરખાટ મચાવ્યો હતો. જેમાં હોટેલ ફોર્ચ્યુનના બીજા મજલે પણ લગ્નસમારંભ દરમિયાન કીંમતી દાગીના અને રોકડ સહિત રૂ. ૧.૩૫ લાખની મત્તાની ઉઠાંતરી થઈ હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. બનાવ સંદર્ભે સે. ૭ પોલીસે તપાસનો દૌર આગળ ચલાવતા પોલીસને લગ્ન સમારંભમાં હાજર અજાણ્યા ટાબરીયાની તસવીર હાથ લાગી છે. લગ્નપ્રસંગમાં કેમેરામેને ખેંચેલી તસવીરોમાં શકમંદ ચહેરો માલુમ પડતા તસવીરના આધારે પોલીસ આગળ તપાસ ચલાવી રહી છે. જો કે શકમંદ સગીર ઉંમરનો હોવાથી પોલીસે તેની ઓળખ છતી કરી નથી.

# અપહરણના આરોપીને ૧૦ દિવસમાં હાજર થવા કોર્ટનું ફરમાન

## બે વર્ષ પહેલા થયેલા અમરત દેસાઈના અપહરણ કેસમાં આરોપી કોર્ટમાં હાજર થયો નથી

ગાંધીનગર, તા. ૨૨

બે વર્ષ અગાઉ ઘ-૨ સર્કલ પાસેથી ગાંધીનગરના જમીનદલાલ અમરત દેસાઈના કરવામાં આવેલા અપહરણ બાદ ખંડણી માંગ્યાની ચકચારી ઘટના બનવા પામી હતી. જે કેસનો એક આરોપી ઘણા સમયથી કોર્ટમાં હાજર થતો ન હોવાથી ગાંધીનગર કોર્ટ દ્વારા સી.આર.પી.સી. ૭૦ મુજબ વોરંટ બજાવવામાં આવ્યા હતા તેમ છતાં હજુ પણ હાજર ન થતાં સી.આર.પી.સી. ૮૨ મુજબ ગાંધીનગર કોર્ટે આરોપીને ૧૦ દિવસમાં હાજર થવા ફરમાન જારી કર્યું છે.

ઘ-૨ સર્કલ પાસેથી કાર સાથે શહેરના જમીન દલાલ અમરત દેસાઈનું બે વર્ષ પહેલા ૨૦૧૧ના જાન્યુઆરી માસમાં સિદ્ધપુરની એક ગેંગ દ્વારા અપહરણ કરીને ખંડણી માંગવામાં આવી હોવાનો કિસ્સો બનવા પામ્યો હતો. આ કેસમાં ગાંધીનગર એલસીબીની ટીમે સિદ્ધપુરની ગેંગની ધરપકડ કરી લીધી હતી. જે પૈકી એક આરોપી મહેબુબ ઊર્ફે કાંગારૂ છોટેખાન બલોચ નામનો શખ્સ કોર્ટમાં હાજર થતો ન હોવાથઈ ગાંધીનગર કોર્ટે હાજર થવા માટે વોરંટ ઈસ્યુ કર્યા હતા. તેના ઘરેથી પણ તે મળી આવ્યો ન હતો. અંતે આ શખ્સને સી.આર.પી.સી.૮૨ મુજબ ગાંધીનગર કોર્ટે બીજી ફેબ્રુઆરી સુધીમાં એટલે કે ૧૦ દિવસમાં કોર્ટ સમક્ષ હાજર થવા ફરમાન બહાર પાડ્યું છે.

# ભાજપ દ્વારા રાજ્યવ્યાપી ધરણા-ઉપવાસના કાર્યક્રમ

અમદાવાદ, તા. ૨૨

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજાએ જણાવ્યું છે કે, ભારતનાં ગૃહમંત્રી શ્રી સુશીલકુમાર શિંદેએ ભાજપા તથા રાષ્ટ્રીય સ્વયંસેવક સંગ ઉપર હિન્દુ આતંકવાદીઓ તૈયાર કરવાનો અત્યંત નીંદનીય આક્ષેપ કર્યો છે. સમગ્ર દેશમાં આ સંભાષણની ચોમેરથી નિંદા થઈ રહી છે. શ્રી શિંદેએ 'હિન્દુ આતંકવાદ' અને 'ભગવા આતંકવાદ' જેવા શબ્દોનો પણ ઉપયોગ કર્યો છે.

દેશનો ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે, હિન્દુ વિચાર ક્યારેય આતંકવાદનો ઈતિહાસ બનેલ નથી. ઉદાર વિચાર, સૌનું સન્માન અને સૌને પોતાનાં મંતવ્યનાં પ્રચાર તથા પ્રસારની સંપૂર્ણ સ્વતંત્રતાએ હિન્દુ જીવનશૈલીનું એક આગવું અંગ છે. હિન્દુ રાજાઓએ તમામ ધર્મોને અહીં આવકારીને તેમનાં પ્રચાર-પ્રસારની સ્વતંત્રતા અર્પી હતી. આજે દેશમાં સર્વ ધર્મ સમભાવની ભાવના વ્યાપ્ત છે, તેના મૂળમાં ગૌરવપૂર્ણ હિન્દુ વિરાસત છે. 'ભગવો' તો વિદેશી આક્રમણી સામે લડાઈનું એક અભિન્ન અંગ છે તથા ભારતીય સંસ્કૃતિની આગવી ઓળખ છે.

આવા સમયે ગૃહમંત્રી શ્રી શિંદેનાં વક્તવ્યનાં વિરોધમાં સમગ્ર દેશમાં ભારે જનાક્રોશ છે. જનતાનાં આ આક્રોશનાં પ્રકટીકરણ હેતુ ભારતીયજનતા પાર્ટી ૨૪મી જાન્યુઆરી, ૨૦૧૩ને ગુરૂવારના રોજ સમગ્ર દેશમાં તથા ગુજરાતમાં તમામ જિલ્લા સ્તરે અને શક્ય હોય તેવા તમામ વિધાનસભા ક્ષેત્રોમાં દિવસભરનાં ધરણાં તથા ઉપવાસ કરશે. જેમાં 'હિન્દુ તથા ભગવાનું અપમાન-નહી સહન કરે આ હિન્દુસ્તાન'ના નારાને બુલંદ કરીને યુપીએ સરકારનાં પૂતળા દહનનો કાર્યક્રમ પણ યોજવામાં આવશે.

# ડીઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ દ્વારા ૮મા સ્થાપના દિનની ઉજવણી

## વિપત્તિ વેળાએ ઉપયોગમાં લેવાતા સાધનોનું પ્રદર્શન યોજાયું : ડોગ શો એ પણ આકર્ષણ જમાવ્યું

ગાંધીનગર, તા. ૨૨

નેશનલ ડીઝાસ્ટર રીસ્પોન્સ ફોર્સ ગાંધીનગર કેન્દ્ર દ્વારા આજે ૮મા સ્થાપના દિનની ઉજવણીના ભાગરૂપે આપત્તિવેળાએ ઉપયોગમાં લેવાતા વિવિધ સાધનોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ન્યુકલીયર, બાયોલોજીકલ તેમજ કેમીકલ આપત્તિઓ ઉપરાંત ધરતીકંપ અને પૂરના સંજોગોમાં હાથ ધરાતી બચાવ કામગીરીના ઉપયોગમાં લેવાતા સાધનો અંગે સમજ આપવામાં આવી હતી. આ દરમિયાન ડૉગ શૉ પણ યોજવામાં આવ્યો હતો.





નેશનલ ડીઝાસ્ટર રીસ્પોન્સ ફોર્સે બટાલીયન-૬ દ્વારા ૮મા સ્થાપના દિનની ઉજવણી અન્વયે એક ખાસ સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર ગૃપ કેન્દ્રના સી.આર.પી.એફ. ઉપ મહાનિરિક્ષક કે થોમસ જોબ, ડૉ. બી.કે. સિંહ, એન.ડી.આર.એફ. બટાલીયન-૬ના ડેપ્યુટી કમાન્ડન્ટ જે.પી. સેમ્યુઅલ સહિત બી.એસ.એફ.ના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન પ્રાકૃતિક અને માનવ સર્જિત આપત્તિવેળાએ ઉપયોગમાં લેવાતા સાધનો માટે ખાસ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. બચાવ કામગીરીમાં ઉપયોગમાં લેવાતા વિવિધ ઉપકરણો અંગે સમજ પુરી પાડવામાં આવી હતી. શાળાના ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પણ પ્રદર્શનની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવ્યું હતું. સ્થાપના દિનની ઉજવણીને અનુલક્ષી વિવિધ ગેમ્સ પણ યોજવામાં આવી હતી. જ્યારે મધ્યપ્રદેશમાં તાલીમ પામેલા ડોગનો શૉ પણ યોજવામાં આવ્યો હતો. ડૉગ શોમાં શ્વાનના કરતબ જોઈ સૌ દંગ થઈ ગયા હતા.

# શહેરની વધુ ચાર દુકાનોના તાળા તોડી ઘરફોડના પ્રયાસ

## જિલ્લા પોલીસનો સ્હેજ પણ ડર રાખ્યા વિના તસ્કરો બિન્દાસ્તપણે એક્ટીવ : તસ્કરો 'સબ સલામત'ના સૂત્રને બેનકાબ કરી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના ખ-૦ સર્કલ નજીક આવેલા પ્રમુખ કોમ્પલેક્ષને ગત રાત્રીએ તસ્કરોએ ઘમરોળી નાંખ્યું હતું. પ્રમુખ કોમ્પલેક્ષની અલગ-અલગ ચાર દુકાનોના તાળા તોડીને તસ્કર ટોળકીએ રીતસરનો તરખાટ મચાવી દીધો છે. જો કે સદ્ભાગ્યે એક પણ દુકાનમાંથી તસ્કરોને મોટી માલમત્તા મળી ન આવતા ફેરો ફોગટ ગયો હતો. આ ચાર દુકાનોના તાળા તુટવા સંદર્ભે દુકાનદારોએ હજુ સુધી કોઈ પોલીસ ફરીયાદ નોંધાવા પામી નથી.

પાટનગર ગાંધીનગર તથા આસપાસના ગ્રામ્યવિસ્તારોમાં ચોરીના બનાવોએ માઝા મુકી દીધી છે. તસ્કરોએ જાણે પોલીસનો સ્હેજ પણ ડર રહ્યો ન હોય તેમ બિન્દાસપણે ચોરી કરીને સરકી જાય છે. દર એક-બે દિવસે જિલ્લામાં મોટી રકમની ચોરી થઈ હોવાનું પોલીસ ચોપડે નોંધાય છે.

જિલ્લામાં પેંધા પડીને એક્ટીવ થઈ ગયેલી તસ્કર ટોળકીઓએ બે દિવસ અગાઉ લવાપુરની એડીસી બેંકમાંથી આખે આખી રૂપિયા ભરેલી તિજોરી ઉપાડી જઈને પોલીસના કહેવાતા પેટ્રોલીંગ પર લપડાક લગાવી જિલ્લા પોલીસના સબ સલામતના સુત્રને બેનકાબ કરી નાંખ્યું છે. જિલ્લામાં ચોરીઓનો સિલસિલો હજુ નિયંત્રણ હેઠળ આવ્યો નથી ત્યાં ગઈકાલે રાત્રી દરમ્યાન વધુ ચાર દુકાનોના તાળા તુટવા પામ્યા હોવાનું બહાર આવ્યું છે. સરગાસણ ચોકડી પાસે આવેલા પ્રમુખ કોમ્પલેક્ષની એક સાથે ચાર-ચાર દુકાનોને તસ્કરોએ નિશાન બનાવી તાળા તોડ્યા હતા. જો કે સદભાગ્યે ચારેય દુકાનોમાંથી મળીને કોઈ મોટી માલમત્તા કે કિંમતી ચિજવસ્તુની ચોરી થવા પામી ન હતી. જેને પગલે દુકાનદારોએ પણ ચોરી અંગે ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.












Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com